**મે. ઉચ્છલના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક) સાહેબની કોર્ટમાં,**
**મુ.ઉચ્છલ.**

**ક્રિ.કેસ.નં.૮૮૪/૨૦૨૨**
આંક – **૧૦**

<u>**ફરીયાદી**</u> : ધી સ્ટેટ

**વિરૂધ્ધ...**

<u>**આરોપી**</u> : **કરણભાઈ શાંતુભાઈ ગાવીત,**
રહે.સેતગાંવ,તા.નવાપુર.

<u>**ગુન્હો : પ્રોહી. એક્ટ કલમ– ૬૬(૧)બી તથા એમ.વી.એક્ટ કલમ–૧૮૫ મુજબ...**</u>

<u>**–:: ઠ રા વ ::–**</u>

**(૧)..** આ કામના ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપી સામેના ગુના સબંધે તપાસ કરનાર અધિકારી તરફથી તપાસ ના અંતે પ્રોહી.એક્ટ–૬૬(૧)બી તથા એમ.વી.એક્ટ કલમ–૧૮૫ મુજબના ગુના સબંધે ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)..** આરોપીને સમન્સની બજવણી થતા કોર્ટમાં હાજર થયેલ હોઈ, કેસની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી ગુનાની સ્વૈરછીક કબુલાત કરેલ છે અને સદરહુ ગુના અંગે તેઓનો જવાબ લેવામાં આવેલ છે. આરોપીએ પોતે તેઓનો પ્રથમ ગુનો અજાણતા થયેલ હોઈ, દયા કરવા અરજ કરેલ છે. જેથી તમામ હકીકત અને સંજોગો ધ્યાને લેતા નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

<u>**:: હુ ક મ ::**</u>

- આ કામના આરોપીને **ક્રિ.પ્રો.કોડ કલમ– ૨૫૨** મુજબ તેઓની સામેના પ્રોહી.એક્ટ–૬૬(૧)બી તથા એમ.વી.એક્ટ કલમ–૧૮૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને પ્રોહી.એક્ટ–૬૬(૧)બી મુજબના ગુના સબંધે **રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચ સો પુરા)** દંડની તથા કોર્ટ ઉઠતા સુધીની સજાનો તથા એમ.વી.એક્ટ કલમ–૧૮૫ મુજબના ગુના સબંધે **રૂા.૧૫૦૦/– (અંકે રૂપિયા પંદર સો પુરા)** દંડની સજાનો હુકમ કરવામાં આવે છે. પ્રોહી.મુદ્દા.નો અપીલ સમય બાદ નાશ કરવો. <u>(કુલ દંડ રૂ.૨,૦૦૦/– જમા લેવો).</u>
- જો આરોપી દંડની રકમના ભરે તો **ત્રણ માસ** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

હુકમ આજ તારીખ **૨૭મી**, માહે **માર્ચ,** સને **૨૦૨૩**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૭–૦૩–૨૦૨૩.
સ્થળ : ઉચ્છલ.

**( ડિ.બી.પટેલ )**
**[ જીજે ૦૧૨૪૫]**
જ્યુડી. મેજી. ફસ્ટ કલાસ.
ઉચ્છલ.